INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૮૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૬-૦૬-૨૦૨૪**

- **રાજ્યની દીકરીઓ પર દુષ્કર્મની ઘટનાઓ સતત ચાલુ...રાજ્ય સરકાર ડૂબી મરે...**
- **ભગવાનો ઠેકો લેનારાઓ પહેલા ભગવા કપડાધારીઓ દ્વારા આચરાતા કુકર્મો બંધ કરાવે....**
- **ભગવા કપડાધારીઓ પૈકીના અનેકનો ભગવો રંગ ઉતરી રહ્યો છે ત્યારે ભાજપાનો ચડી રહ્યો છે આ સંકેત સારા નથી.**

દિવસે ને દિવસે સ્વામિનારાયણ ગુરુકુળોમાં સંચાલક/સાધુઓ ઉપર દુષ્કર્મની ફરિયાદો વધી રહી છે, પીડિત બાળકો/મહિલાઓ ન્યાય માટે પોલીસ કચેરીઓમાં ભટકે છે, મીડિયા આવી ઘટનાઓને અંજામ આપનારાઓને ખુલ્લા પડવાની પવિત્ર ફરજ અદા કરે છે.. પરંતુ સરકાર અને તંત્ર સાથે હુફાળા સબંધોને કારણે તેને દબાવી દેવડાવવામા હવસખોરો સફળ થાય છે.

હકકત એ છે કે દુષ્કર્મના ગંભીર અપરાધો માટે ભાજપા સરકાર અને હવસખોરો એક બીજાના પૂરક છે એટલે જ ગુનેગારો નિર્ભય છે...અને કહેવાતો સાધુ સમાજ અને ભદ્ર સમાજના જવાબદાર લોકો મૌન ધારણ કરીને બેઠો છે ...ઉપરાંત મહિલા દુષ્કર્મ જેવા ગંભીર ગુના સામે લડતા વિપક્ષને નબળુ સમર્થન એ રાજ્યનું સૌથી મોટું દુર્ભાગ્ય છે..

ગુજરાતમાં સમયાંતરે અનેક મહિલાઓ દુષ્કર્મનો અને બળાત્કારનો ભોગ બનતી રહે છે.... પરંતુ સત્તા પક્ષના સાંસદો/ધારાસભ્યો/ સંપ્રદાયોના વડાઓ/ સમાજના ધનના ઢગલાથી ઊભા કરાયેલ "ધામો"ના વડાઓ/ ધર્મ સંસ્થાઓના ગાદીપતિઓ/વિદ્યાધામોના આચાર્યો / કોર્પોરેટ્સ કે સમાજના કહેવાતા ભદ્ર સમાજના આજ્ઞાંકિત વિદ્વાનો પૈકી કોઈએ ક્યારેય નિંદા કરતુ કોઇ નિવેદન ન કર્યું કે ન સરકારની મહિલા સુરક્ષાની કાર્ય પદ્ધતિ ઉપર સવાલ કર્યા..

ધાર્મિક સેવા /ધર્મ /શિક્ષણ ક્ષેત્ર કે કોઈપણ ખૂણે આ હવસખોર બાવા/સાધુ/ વ્યક્તિને ઉર્જા કોણ ભરે છે ? રાજ્ય સરકારને મારી જાહેર જનતા માટે માંગ છે કે કોઈપણ સંપ્રદાય / ધર્મ સંસ્થા/ગુરુકુળોમાં ઘટતી મહિલા દુષ્કર્મ ઘટનાની ફરિયાદ માટે જે તે સંસ્થાના વડા/ટ્રસ્ટીઓને પણ દુષ્કર્મ જેટલા જ ગુનાના ભાગીદાર ગણીને તેના પર ફોજદારી કાર્યવાહી કરવામાં આવે અને મારી પ્રાર્થના છે કે રાજ્ય સરકાર દ્વારા આવી ઘટનાઓ હરહાલતમાં અટકાવવામાં આવે..

મનહર પટેલ
મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ